ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૬૪/૯૦
જીઆઈડીસી, વડી કચેરી, ઉદ્યોગ ભવન,
તા. ૧૯/૧૨/૦૯.

**–: પરિપત્ર–:**

વિષયઃ– મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન માટે પેટાભાડે (સબલેટીંગ) આપવાની નિગમની નિતિ અંગેની પુનઃ સમીક્ષા બાબત.

સંદર્ભઃ– નિતિ વિષયક પરિપત્ર નં–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૬૪/૩૧ તા.૧૦/૮/૦૭.

નિગમની તમામ ઔદ્યોગિક વસાહતોમાં મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન માટે પેટાભાડે આપવા બાબતની નિતિ સંદર્ભિત પરિપત્રથી પરિપત્રિત કરવામાં આવેલ. નિગમ દ્વારા સદર નિતિ મુજબ ૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદામાં આવી પરવાનગી આપવાની નીતિ અમલમાં છે. મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશનને સંલગ્ન આનુસાંગિક સુવિધાઓ માટે પણ જમીનની જરૂરીયાત રહેતી હોઈ ૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદા વધારીને ૨૫૦ ચો.મી. ની મર્યાદામાં સબલેટીંગની મંજુરી આપવા મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન કરતી કંપનીઓની રજૂઆતને લક્ષમાં લઈ નિગમની ૪૪૫ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંક–૨૬/વિતરણ/૪૪૫ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક–૧૪૭/વિતરણ/૪૪૫/૦૯ મુજબ નિગમની વસાહતોમાં મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન માટે પેટાભાડે (સબલેટીંગ) ની ૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદા વધારીને ૨૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદા કરવામાં આવે છે. અત્યારસુધી પરવાનગી વગર ઈન્સ્ટોલ કરવામાં આવેલ ટાવરોને નિયમીત કરવામાં કોઈ અડચણ ન હોય, એટલેકે તેમનું બાંધકામ નોન–વાયોલેટીવ પ્રકારનું હોય, તો વિકસીત વસાહતમાં દંડ પેટેની પ્રતિ ટાવર દીઠ રૂ.૫૦,૦૦૦/– તથા સામાન્ય વસાહતમાં પ્રતિ ટાવર દીઠના રૂ.૨૫,૦૦૦/– કંપનીએ તાત્કાલિક ભરપાઈ કરવાના રહેશે. તેમજ ઉભા કરવામાં આવેલ ટાવરોના ઈન્સ્ટોલેશન ચાર્જ અને પ્રસ્થાપતી પેટાભાડાની રકમ ભરપાઈ કરી તા.૩૧/૩/૨૦૧૦ પહેલા નિયમીત કરાવવાના રહેશે. ઉપરાંત હવે પછી આવા ટાવરો ઉભા કરવા કંપનીએ નિગમની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. તે અંગેનું રૂ.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરીપત્ર લેવાનું રહેશે.

(પાછળ પાના નં–૨)

સંદર્ભિત પરિપત્ર તેમજ ઉપરોકત સૂચનાનું પાલન થતું હોય તેવા કિસ્સામાં મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર સ્થાપવા/ઉભા કરવા માટેની પરવાનગી આપવાની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે. આ સિવાયની અગાઉની તમામ સૂચનાઓ યથાવત રહે છે તેની સર્વે વિતરણ અધિકારીઓને તેની નોંધ લેવી.

ઉપરોકત સૂચનાની નિગમના તમામ વિતરણ અધિકારીઓએ નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી (વિતરણ) ને પાઠવવી.

સહી/—
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

<u>નકલ રવાના:—</u>
પ્રતિ,
— નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
—પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારું.
— તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારું.

રવાના કર્યું.
મેનેજર (મહેકમ)